**નવી સેવા-૨૦૧૪-૧૫.**

નવરચિત જિલ્લાઓમાં હોમગાર્ડઝ કચેરીઓ તેના જરૂરી મહેકમ, સાધન સામગ્રી, વાહનો, ફર્નીચર સહિત મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૩/૧૭૯૨/ફ**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૧/૭/૨૦૧૪

**વંચાણે લીધાઃ-**

(૧) ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૨૫/૧૦/૨૦૧૩ નો પત્ર ક્રમાંકઃકજ/વહટ/૧૧૬૦/૩૯૨૧/૨૦૧૪.

**ઠરાવઃ-**

નવરચિત ૦૭ (સાત) જિલ્લાઓ (બોટાદ, સોમનાથ, દ્વારકા, મોરબી, અરવલ્લી, મહિસાગર અને છોટા ઉદેપુર) માટે નવી જિલ્લા હોમગાર્ડઝ કચેરીઓ તેના જરૂરી મહેકમ, સાધન સામગ્રી, વાહનો, ફર્નીચર સહિત મંજુર કરવા અંગે ડાયરેકટ જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ ની નવી સેવા તરીકે સમાવવા અંગે ઉકત ક્રમાંક(૧) થી મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

નાણા વિભાગ દ્વારા નવ રચિત ૦૭(સાત) જિલ્લાઓમાં જિલ્લા હોમગાર્ડઝ કચેરીઓ શરૂ કરવા અંગે નીચે મુજબનુ મહેકમ મંજુર કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **વર્ગ** | **જિલ્લાનું નામ** | | | | | | | **રિમાર્કસ** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | **અરવલ્લી** | **ગીર સોમનાથ** | **બોટાદ** | **છોટાઉદેપુર** | **મહિસાગર** | **મોરબી** | **દેવભુમી દ્વારકા** | |
| ૧ | જિલ્લા કમાન્ડન્ટ (માનદ) | ૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | |
| ૨ | સબ ઈન્સપેકટર ઈન્સ્ટ્રકટર | ૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | |
| ૩ | કલાર્ક કમ ટાઈપિસ્ટ | ૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | |
| ૪ | ડ્રાઈવર | ૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | **આઉટસોર્સથી ભરવાપાત્ર** |
| ૫ | પટાવાળા | ૪ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | |
| | **કુલઃ-** | | **૦૫** | **૦૫** | **૦૫** | **૦૫** | **૦૫** | **૦૫** | **૦૫** | |
| **કુલ-૩૫ જગ્યાઓ (વર્ગ-૧ ની ૦૭ જગ્યાઓ માનદ + વર્ગ-૩ ની ૨૧ જગ્યાઓ તથા વર્ગ-૪ ની ૦૭ જગ્યાઓ) જે પૈકી ડ્રાયવર વર્ગ-૩ ની ૦૭ જગ્યાઓ તેમજ પટાવાળા વર્ગ-૪ ની ૦૭ જગ્યાઓ આઉટસોર્સથી ભરવાની રહેશે.** | | | | | | | | | | |

નવરચિત ૦૭ (સાત) જિલ્લાઓ (બોટાદ, સોમનાથ, દ્વારકા, મોરબી, અરવલ્લી, મહિસાગર અને છોટા ઉદેપુર) માટે નવી જિલ્લા હોમગાર્ડઝ કચેરીઓ તેના જરૂરી મહેકમ, સાધન સામગ્રી, વાહનો, ફર્નીચર સહિત શરૂ કરવા અંગે રૂ.૫૬,૫૬,૦૦૦/- (અંકે રૂપિયા છપ્પન લાખ છપ્પન હજાર પુરા) ના ખર્ચની જોગવાઇ વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે સમાવિષ્ટ કરવાની બાબતે નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) ડ્રાયવર વર્ગ-૩ તથા પટાવાળા વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇઓ મુજબ મંજુર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં સેવા મેન મંથ બેઝ મુજબ આઉટસોર્સથી લેવાની રહેશે.

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ ના ઠરાવની જોગવાઇ મુજબ મળવાપાત્ર (જોગવાઇ મુજબનું) નવા જિલ્લા દીઠ એક વાહન લેખે કુલ-૦૭ વાહન મંજુર કરવામાં આવે છે.

(૩) જિલ્લા દીઠ એક ફેકસ મશીન તથા એક ઝેરોક્ષ મશીન રેઇટ કોન્ટ્રાકટ મુજબ ખરીદવાના રહેશે.

(૪) મંજુર થયેલ જગ્યાને ઘ્યાને લઇ જરૂરી ન્યુનતમ ફર્નીચર ખરીદવાનું રહેશે.

(૫) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નિતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૬) જે તે જગ્યાના પગાર ધોરણો આરઓપી-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ, તેની ખાતરી કરી લેવાની જવાબદારી ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝની રહેશે.

(૭) સીધી ભરતીથી નિંમણૂક પામેલ ઉમેદવારને નિયમિત નિંમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પાફ્ર), ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૮) જગ્યાઓની ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તેમજ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની જવાબદારી ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝની રહેશે.

(૯) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૦) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇશે.

(૧૧) રાજય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહશે.

(૧૨) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે, ત્યાર બાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતા પહેલાના એક માસ અગાઉ નાણા સલાહકારશ્રીને રજુ જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૩) પ્રસ્તુત મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી પ્રવર્તમાન ખરીદ નિતિ મુજબ કરવાની રહેશે.

(૧૪) મંજુર કરવામાં આવેલ બજેટ જોગવાઇઓ પૈકી રાજય સરકારના ૭૫ ટકા તેમજ ભારત સરકારના ૨૫ ટકા લેખે મળવાપાત્ર સહાયનો હિસ્સો મેળવવાની કાર્યવાહી ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝે કરવાની રહેશે.

(૧૫) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૧૬) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાતોનું પાલન કરવાનું રહેશે.

(૧૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે અને તે હેઠળ ચાલુ વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | માંગણી નંબર | ૪૬ |
| ૨ | મુખ્ય સદર | ૨૦૭૦-અન્ય વહીવટી સેવાઓ |
| ૩ | પેટા મુખ્ય સદર | ૦૦ |
| ૪ | ગૌણ સદર | ૧૦૭ ગૃહરક્ષક દળ |
| ૫ | પેટા સદર | (૦૧) ગૃહરક્ષક દળ |
| ૬ | ખર્ચનો પ્રકાર | ૭૫ ટકા પ્લાન (રાજયનો હિસ્સો) ૨૫ ટકા નોન પ્લાન (કેન્દ્રનો હિસ્સો) |
| ૭ | ખર્ચનું હેડ ચાર્જેબલ | ૨૦૭૦ ૦૦ ૧૦૭ ૦૧ |
| ૮ | સ્કીમ કોડ | MEP-25 |
| ૯ | પ્લાન કોડ | 114525 |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૦/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડ્યા)**
ઉપ સચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- ડાયરેકટર જનરલશ્રી, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય, શાહીબાગ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ, બોટાદ, સોમનાથ, દ્વારકા, મોરબી, અરવલ્લી, મહિસાગર, છોટા ઉદેપુર
- જિલ્લા તિજોરી અધિકારી, બોટાદ, સોમનાથ, દ્વારકા, મોરબી, અરવલ્લી, મહિસાગર, છોટા ઉદેપુર.
- અગ્રસચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ.



D:\Vijay Backup\Vijay\PRC\New Item 2014-15\New Item Home Guards.docx